"સ્કોપ" સોસાયટી ફોર ક્રિએશન ઓફ ઓપોર્ચ્યુનીટીસ થ્રુ પ્રોફીસીઅન્સી ઈન ઈંગ્લિશ

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંક:એસસીપી-૨૬૦૦-૨૬૯૯-ખ.૧
સચિવાલય, ગાંધીનગર.
તા. 01 FEB 2022

વંચાણે લીધા:

(૧) શિક્ષણ વિભાગનો તા.૨૭.૦૨.૨૦૦૭નો ઠરાવ ક્રમાંક:બમશ-૧૦૦૭-૫૪૨-ગ

(૨) શિક્ષણ વિભાગનો તા.૧૫.૧૦.૨૦૦૮નો સમાન ક્રમાંકી ઠરાવ

આમુખ:-

રાજ્યમાં ૧૫ થી ૩૫ વર્ષની વય જૂથના યુવાનો માટે અંગ્રેજી ભાષા શિક્ષણ માટે જાગૃતિ આવે અને શિક્ષણ મેળવવા માટેની સગવડતાઓ ઉભી કરવા માટે સ્વતંત્ર રીતે કામ કરતી સોસાયટી તરીકે વંચાણે લીધેલ ક્રમ (૧)ના ઠરાવથી "SCOPE" (Society for Creation of Opportunities through Proficiency in English)ની રચના સોસાયટી રજીસ્ટ્રેશન એક્ટ ૧૮૬૦ હેઠળ કરવામાં આવેલ હતી. ઉક્ત ઠરાવથી સ્કોપની ગવર્નિંગ બોડીની પણ રચના કરવામાં આવેલ, જેના સભ્ય સચિવશ્રી તરીકે ચેરમેનશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડની નિમણૂંક કરવામાં આવેલ. વંચાણે લીધેલ ક્રમ (૨)ના ઠરાવથી "સ્કોપ"ની કામગીરી ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીને સોંપવામાં આવેલ હતી તથા સ્કોપના ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર તરીકે શ્રી આર. કે. પાઠક, તત્કાલિન ચેરમેનશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડના સ્થાને શ્રીમતી જયંતી એસ. રવી, તત્કાલિન કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણને નિયુક્ત કરવામાં આવેલ હતા.

"સ્કોપ"ની કામગીરીમાં એકસુત્રતા આવે અને કામગીરી સુચારુ રૂપે થઈ શકે તે માટે "સ્કોપ"ના ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર તરીકે તથા "સ્કોપ"ની ગવર્નિંગ બોડી અને એક્ઝીક્યુટીવ કમિટિના સભ્ય સચિવ તરીકે કમિશ્નરશ્રી/નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણને હોદ્દાની રૂએ નિયુક્ત કરવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

પુખ્ત વિચારણાને અંતે "સ્કોપ"ના ચીફ એક્ઝીક્યુટીવ ઓફીસર(CEO) તરીકે તથા "સ્કોપ"ની ગવર્નિંગ બોડી (GB) અને એક્ઝીક્યુટીવ કમિટિ (EC)ના સભ્ય સચિવ તરીકે કમિશ્નરશ્રી/નિયામકશ્રી,

ઉચ્ચ શિક્ષણને હોદ્દાની રૂએ નિયુક્ત કરવાનું આથી ઠરાવવામાં આવે છે તથા તે અનુસાર SCOPE સોસાયટીના મેમોરેન્ડમ અને આર્ટીકલ્સ ઓફ એસોસીએશનમાં જરૂરી ફેરફાર SCOPE કચેરી દ્વારા કરવાના રહેશે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(મનોજ વાઘ)
નાયબ સચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન. રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.(પત્ર મારફત)
- માન. મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સરદાર ભવન, ગાંધીનગર
- માન. મંત્રીશ્રી(શિક્ષણ)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સરદાર ભવન, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(ઉ.શિ.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સરદાર ભવન, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
- અગ્રસચિવશ્રી (શિ.)ના અંગત સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

નકલ રવાના:

- નિયામકશ્રી, ઉચ્ચ શિક્ષણ કમિશનરશ્રીની કચેરી, ડૉ. જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર.
- કમિશનરશ્રી, ટેકનીકલ શિક્ષણની કચેરી, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- ચેરમેનશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર
- વાઈસ ચાન્સેલરશ્રીઓ, તમામ સરકારી યુનિવર્સિટીઓ (ઉચ્ચ શિક્ષણ નિયામકશ્રીની કચેરી મારફત/ઉચ્ચ શિક્ષણ ટેકનિકલની કચેરી મારફત)
- એ.જી. કચેરી, અમદાવાદ / રાજકોટ.
- નાણા સલાહકારશ્રી(શિક્ષણ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઈલ
- સિલેક્ટ ફાઈલ